જીવવાની રાહ ન જુઓ, જીવવા માંડો, જીવવાનું બહુ ચિવટ વાળુ પ્લાનિંગ ન હોય, કારણ કે આપણે રોજ જીવવાનું હોય છે
- અઝીમ પ્રેમજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૧ | ૧૧ જુલાઇ, ૨૦૧૩, ગુરૂવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરની રથયાત્રામાં માનવ મહેરામણ



(તસવીર : દિપક જાની)

## ગાંધીનગર ભાવ-ભક્તિથી ભીજાયું : ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું સેક્ટરે - સેક્ટરે સ્વાગત

### દોરડા કૂદ અને ટેકવેન્ડો એસોસિએશનના વિવિધ પ્રયોગ નિદર્શને દર્શનાર્થીઓને દંગ કર્યા : વેશભૂષામાં સજ્જ બાળકો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા

ગાંધીનગર, તા.૧૦

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે નગરની પરિક્રમા અર્થે નિકળતા શહેરના માર્ગો દિવ્ય અને ભવ્ય વાતાવરણમાં જય રણછોડ માખણચોરના નાદથી ગુંજી ઉઠયા હતા. ભાવિકોએ ઠેર ઠેર ભગવાનની પાવન યાત્રાના ઓવારણા લીધા હતા. સેકટરે-સેકટરે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભજનમંડળી અને બેન્ડની સુરાવલી વચ્ચે રથયાત્રાના રૂટમાં રજૂ થતા ટેકવેન ડે અને દોરડા કૂદના વિવિધ પ્રયોગો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રથયાત્રા નિયત સમય કરતા ૨૫ મિનિટ મોડી પ્રસ્થાન થઈ હતી. સેકટરોમાં કેટલાક ઠેકાણે વરસાદી પાણી ભરાયેલા હોવાથી યાત્રાળુઓને હાલાકી ભોગવવી પડી હતી. જો કે વાદળિયા વાતાવરણના લીધે ઉકળાટ પ્રમાણમાં ઓછો વર્તાતા ભાવિકોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

ભગવાન જગન્નાથજીની ૨૯મી રથયાત્રા આજે સવારે ૭.૨૫ કલાકે સે-૨૨ પંચદેવ મંદિરથી નીકળી હતી. સુશોભિત રથમાં બિરાજમાન ભગવાન જગન્નાથજીની પૂજા વિધિ બાદ ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીજીની નિશ્રામાં ભવ્યયાત્રા નિયત રૂટમાં આગળ વધી હતી. રથયાત્રાના પ્રસ્થાન સમયે ભગવાનની પૂજાવિધિ અને આરતી પ્રસંગે પંચદેવ મંદિરના ટ્રસ્ટી અમિતભાઈ શેઠ, ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના ચેરમેન અશોક ભાવસાર, શહેર ભાજપ પ્રમુખ નિતીનભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણ પટેલ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, રથયાત્રા સમિતિના ડૉ. દિનેશ કાપડીયા સહિત નગરના અગ્રણીઓ અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જય રણછોડ.... માખણચોરના જયઘોષથી પાવનકારી યાત્રા નિયતરૂટમાં આગળ વધી સે-૨૨ શોપિંગ સેન્ટર આવી પહોંચી હતી જયાં વેપારી આગેવાનો તેમજ વસાહતીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું. રથયાત્રામાં સૌ પ્રથમ રથયાત્રા સમિતિની કાર, પોલીસવાન ત્યારબાદ ૬ ઘોડા, હાથી, ભગવાનનો રથ અને ત્યારબાદ કલાત્મક અને સુશોભિત ૮ ઘોડાની ૩ બગીઓ આગળ પ્રસ્થાન કરતી હતી. બગીઓની પાછળ જુદી જુદી ૧૧ ટ્રક યાત્રામાં કતારબદ્ધ રીતે આગળ વધતી હતી. વિવિધ ટ્રકમાં ભજનમંડળીઓ ઉપરાંત વેશભુષામાં સજ્જ બાળકોએ પણ રથયાત્રામાં આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત રથયાત્રામાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. ટ્રેકટરમાં સવાર આ વિદ્યાર્થીઓ પ્રકૃતિ અને બેટી બચાવોના સમાજ ઉપયોગી સંદેશા સાથે હાથમાં બેનર્સ લઈને બેઠા હતા જયારે રથયાત્રામાં છેલ્લે મગ-જાંબુ અને કાકડીના પ્રસાદ વિતરણ માટે ૩ ટ્રેકટરો પણ સાથે રહ્યા હતા. હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી ના જયઘોષ સાથે આગળ વધતી રથયાત્રા સે-૧૭/૨૨ થઈને સે-૧૭ તરફ આગળ વધી હતી. સે-૧૭/૨૨ પાસે ચીપ ટાઈપ શોપીંગના વેપારીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું. સે-૧માં પણ શોપીંગના વેપારીઓ દ્વારા યાત્રાને વધાવી પૂજા વિધી કરવામાં આવી હતી. જયાંથી રથયાત્રા આગળ વધી સે-૧૭ હનુમાન મંદિર પહોંચી હતી. હનુમાન મંદિરના પૂજારીએ ભગવાનની પૂજા કરી પ્રસાદનું વિતરણ કર્યુ હતું. સે-૧૭માંથી યાત્રા આગળ વધી સે-૧૬માં નાગરિક બેંક પાસે પહોંચી હતી જયાં યાત્રાળુઓ માટે બેંક અને હોટલ સંચાલકો દ્વારા લીંબુ શરબત અને પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૧૬માં રથયાત્રાના સ્વાગત માટે અનોખી તૈયારી કરવામાં આવી હતી. રથયાત્રાના સ્વાગતમાં શોપીગમાં મટકીફોડનો કાર્યક્રમ યોજાયો હતો જયારે ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ

● અનુસંધાન પાના-૭ પર

### જય રણછોડ માખણચોરના જયઘોષથી વાતાવરણ દિવ્ય બન્યું : સેકટરોમાં રથયાત્રાના સ્વાગત માટે ભાવિકો ઉમટયા

### ભજનમંડળીની સાથે ડી.જે.ના સૂર વચ્ચે શ્રધ્ધાળુઓ આનંદથી ઝૂમ્યા : વરયાદી વાયરાના લીધે ઉકળાટમાં રાહત



ચાર્તુમાસ પ્રવેશ : ગાંધીનગર ખાતે ગાંધીનગર જૈન સંઘ દ્વારા પ.પૂ. પંન્યાસ પ્રસન્નકિર્તીસાગર મહારાજ સાહેબનું ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે ભવ્યતિભવ્ય સામૈયું કરાયું હતું. મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના નિવાસસ્થાનેથી નીકળેલી શોભાયાત્રામાં જૈન સમાજના અગ્રણીઓ સહિત રાજકીય આગેવાનો, વેપારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.
(તસવીર : દિપક જાની)






# અમદાવાદમાં રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરેથી નીકળેલી ભગવાન જગન્નાથની રથયાત્રા આજે મેઘમહેર વચ્ચે ભારે હર્ષોઉલ્લાસ અને શાંતિપૂર્વક રીતે સમ્પન્ન થતાં પોલીસ અધિકારીઓએ હાશકારો અનુભવ્યો હતો. ભગવાન જન્નાથની


LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧




૧૩૬મી રથયાત્રાનું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભારે ઉલ્લાસપૂર્ણ અને ભક્તિભાવ વચ્ચે પ્રસ્થાન કરાવ્યું હતું. વહેલી સવારે બ્રહ્મમુહુર્તમાં મંગળા આરતી કરવામાં આવી હતી જેમાં હજારો શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ ભગવાનને ખીચડી, કોળુ અને ગુવાર ફલીના શાકનું ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ વિધિ પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સોનાની સાવરણીથી મંદિરથી રથ સુધીના ભગવાનના પ્રસ્થાનનો માર્ગ સાફ કર્યો હતો અને ભગવાનનો રથ સાફ કરી પહીંદ વિધિ કરી હતી. ભગવાન શ્રીકૃષ્ણ બહેન શુભદ્રા અને ભાઈ બલરામની પ્રતિમાઓને ભવ્યાતિભવ્ય રીતે સણગારવામાં આવેલા ત્રણેય રથોમાં પ્રસ્થાપિત કરી જય રણછોડ માખણ ચોરના ગગનભેદી નારાઓ વચ્ચે ભગવાનની રથયાત્રાના પ્રારંભની પ્રક્રિયા શરૂ થઈ હતી.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, અમદાવાદ શહેરના મેયર મીનાક્ષીબેન પટેલ સહિત અનેક અગ્રણીઓએ રથનું દોરડુ ખેંચી રથયાત્રાના પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉમટી પડેલી ચિપકાર મેદનીથી સર્જાયેલા અભૂતપૂર્વ ભક્તિભાવના માહોલ વચ્ચે ભગવાન જગન્નાથની રથયાત્રા જગન્નાથ મંદિરેથી સહેરના ૧૪ કિલોમીટરના પરંપરાગત માર્ગ પર પરિક્મા કરવા આગળ વધી હતી. રથયાત્રા ૧૮ સણગારેલા ગજરાજે ૯૮ થી વધુ ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ તથા બેન્ડ બાજા જોડાયા હતા. આ ઉપરાંત પરંપરાગત રીતે ખેંચવા માટે ૧૨૦૦ જેટલા ખલાસી બાઈઓ પણ રથને ગતિ આપતા હતા. દેશભરમાંથી હજારો સાધુ સંતો આ રથયાત્રામાં જોડાયા છે. રથયાત્રાના દર્શનનો લહાવો લેવા રાજ્ય તથા દેશભરમાંથી ઉમટી પડેલા લાખો શ્રદ્ધાળુઓને પ્રસાદી મળી રહે તે માટે ૨૫ હજાર કિલોગ્રામ મગ, ૪ હજાર કિલોગ્રામ જાંબુ, ૨૦૦ કિલો કેરી, દાડમ સહિત આશરે ૨ હજાર કિલોગ્રામ પ્રસાદનું રથયાત્રાના રૂટ દરમ્યાન વિતરણ કરવામાં આવશે. ભગવાન જગન્નાથના મંદિરેથી સવારે ૭:૦૦ વાગે નીકળેલી રથયાત્રા લગભગ ૯:૩૦ વાગ્યાની આસપાસ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીએ પહોંચી હતી જ્યાં મેયર મીનાક્ષીબેન પટેલ, વિરોધપક્ષના નેતા બદરૂદીન શેખ સહિત રાજકીય હોદ્દેદારો તથા કોર્પોરેટરો તેમજ એકતા સમિતિની સભ્યો વગેરે રથયાત્રાનું જોરદાર સ્વાગત કર્યુ હતું અને જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજનું પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કર્યુ હતું.








